મહેસાણામાં ચાર ઈંચ વરસાદથી જળબંબાકાર

મોઢેરા ચાર રસ્તા પાસેના અંડરપાસમાં ભરાયા પાણી : મહેસાણાના ગોપીનાળામાં પાણી ભરાયા : હાઇવે અને મોઢેરા ચાર રસ્તા વિસ્તારમાં ઢીંચણસમા પાણી ભરાયા : વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો



મહેસાણા, તા.૨૪

મહેસાણા જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના પગલે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી.

મહેસાણામાં ચાર ઈંચ વરસાદ ખાબક્યો હતો. ધોધમાર વરસાદથી રોડ રસ્તા પર પાણી ભરાયા હતા. મહેસાણા હાઈવે અને મોઢેરા ચાર રસ્તા વિસ્તારમાં ઢીંચણસમા પાણી ભરાયા હતા.

મહેસાણાના ગોપીનાળામાં પાણી ભરાયા હતા. મહેસાણા હાઈવે અને મોઢેરા ચાર રસ્તા વિસ્તારમાં ઢીંચણસમા પાણી ભરાયા હતા. મહેસાણા અંડરપાસ, ગોપી અને ભમરીયા નાળામાં પણ વરસાદી પાણી ભરાયા હતા. પાણી ભરાતા અંડરપાસ બંધ કરવામાં આવ્યો હતો. હાઈવેને ડાયવર્ટ કરવામાં આવ્યો છે. મોઢેરા અને રાધનપુર રોડ વિસ્તારની અનેક સોસાયટીઓમાં પાણી ભરાયા હતા. મોઢેરા રોડ પર બે કિલોમીટર સુધી પાણી ભરાયા હતા.

છેલ્લા ૨૪ કલાકમાં કડીમા સૌથી વધુ સવા ચાર ઈંચ વરસાદ ખાબક્યો હતો. બહુચરાજી અને ઉંઝામાં બે બે ઈંચ વરસાદ વરસ્યો હતો. વડનગરમાં સવા બે ઈંચ, જોટાણામાં ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. સતલાસણા અને વિસનગરમાં એક-એક ઈંચ વરસાદ વરસ્યો હતો. મહેસાણાના ગ્રામ્ય વિસ્તારોના ખેતરોમાં પાણી ભરાયા હતા.

જોટાણામાં પણ ત્રણ ઈંચ, વડનગર અને બહુચરાજીમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો. બનાસકાંઠામાં પણ મેઘમહેર યથાવત છે. કાંકરેજ, ભાભર, સુઈગામ, દિયોદર, વાવ અને થરાદમાં વરસાદ નોંધાયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં ભાભરમાં સાડા ચાર ઈંચ,સુઈગામ ૪ ઈંચ, દિયોદર ૩ ઈંચ, વાવ, થરાદમાં દોઢ ઈંચ અને દાંતીવાડામાં ૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. હિંમતનગર શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. શહેરના મહાવીરનગર, મોતીપુરા, સિવિલ સર્કલ, ન્યાય મંદિર અને ટાવર ચોક સહિતના વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદને લઈ હિંમતનગર પોસ્ટઓફિસથી ટાવર રોડ પર પાણી ભરાયા હતા જેના કારણે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

બનાસકાંઠાનું થરાદ ૬ ઈંચમાં પાણી પાણી થયું

ઊત્તર ગુજરાત પર મેઘરાજા મહેરબાન : રાજ્યમાં ૧૪૭ તાલુકામાં વરસાદ, બનાસકાંઠામાં સૌથી વધુ વરસાદ, ખેતરો અને રસ્તા પાણીમાં ગરકાવ થયા

બનાસકાંઠા, તા.૨૪

ગુજરાતમા સાર્વત્રિક વરસાદની આગાહી વચ્ચે સવારે ૬થી ૧૦ વાગ્યા સુધી રાજ્યના ૧૪૭ તાલુકામાં વરસાદ નોંધાયો છે. ઉત્તર ગુજરાત પર મેઘરાજા મહેરબાન થયા છે. આજે બનાસકાંઠા, મહેસાણા, પાટણ, અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદ જોવા મળી રહ્યો છે. જેમા બનાસકાંઠામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં થરાદમાં ૬ ઈંચ, સુઈગામમાં ૩ ઈંચ વરસાદ, પાલનપુર અને લાખણીમાં ૨.૫ ઈંચ વરસાદ, નવસારીના ખેરગામમાં ૨.૫ ઈંચ વરસાદ, મહેસાણા અને ખેડામાં ૧.૫ ઈંચ વરસાદ નોંધાયો હતો.

બનાસકાંઠા જિલ્લામાં મોડી રાતથી સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. જિલ્લાના ભાભર, સૂઈગા, દિયોદર, થરાદ, પાલનપુરમાં વરસાદ પડતાં અનેક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે. બનાસકાંઠા જિલ્લામાં હવામાન વિભાગની આગાહી મુજબ ગત રાત્રિથી સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખેતરોમાં પાણી ભરાયા છે. તો બીજીબાજુ પાલનપુરમાં બે કલાકમાં પડેલા સવા ઈંચ વરસાદના કારણે પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં ગેટ આગળ તેમજ હોસ્પિટલ પરિસરમાં પાણી ભરાતા દર્દીઓ અને તેના પરિવારજનોને પાણીમાંથી ચાલવા મજબુર બનવું પડ્યું છે. પાલનપુરના બારડપુરા અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. તો જિલ્લાના પાલનપુર, ડીસા, દાંતીવાડા, દાંતા, વડગામ સહિત અનેક પંથકમાં હાલ ધીમીધારે વરસાદ વરસી રહ્યો હોવાથી ધરતી પુત્રો અને લોકોમાં ખુશી છવાઈ છે.

બનાસકાંઠાના થરાદમાં ૬ કલાકમાં ૫.૫ ઈંચ વરસાદ વરસ્યો છે. વહેલી સવારથી વરસી રહેલા વરસાદને લઈ રોડ રસ્તાઓ ઉપર પાણી ભરાયા છે. થરાદના નારાંદેવી મંદિરથી માર્કેટયાર્ડ જવાના રસ્તા ઉપર ઘૂંટણ સમા પાણી ભરાયા છે. જેથી રોડ રસ્તા ઉપર પાણી ભરાતા વાહન ચલાવવું મુશ્કેલ બન્યુ છે. સરહદીય વાવ-થરાદ, સુઈગામમાં ધોધમાર વરસાદ જોવા મળ્યો છે. થરાદમાં ખેતરોમાં પણ ભરાયા વરસાદી પાણી ભરાયા છે.

ખેત મજૂરને ફાડી ખાનાર સિંહને વન વિભાગે આખરે પાંજરે પૂર્યો

યુવકની મૃતદેહ પરથી એક કલાક સુધી ખસ્યો ન હતો : સિંહને ટ્રાક્યુલાઈઝ કરી પાંજરે પુરવામાં વનવિભાગના DCFની ટીમને મોટી સફળતા

અમરેલી, તા.૨૪

અમરેલીમાં સિંહણ બાદ સિંહ આદમખોર બની જતા અને માણસો પર હુમલો કરતા વન કવાયત હાથ ધરાઈ હતી.

આ હુમલો થયો ત્યારે સિંહ અને સિંહણ મેટિંગ પીરિયડમાં હતા. યુવક પસાર થઈ રહ્યો

વિભાગની ટીમે તેને પકડીને પાંજરે પૂર્યો છે. ખાંભાના નાની ધારી ગામે ખેત મજૂરને ફાડી ખાનાર સિંહને વન વિભાગે આખરે પાંજરે પૂર્યો છે. મધરાતે વનવિભાગ દ્વારા સિંહનું લોકેશન મેળવી સમગ્ર વિસ્તાર કોર્ડન કર્યો હતો. સિંહને ટ્રાક્યુલાઈઝ કરી પાંજરે પુરવામાં વનવિભાગના DCFની ટીમને મોટી સફળતા મળી છે. ઘટનાની ગંભીરતા દાખવી ધારી ગીર પૂર્વના ઢઝહ્લ રાજદીપ ઝાલા પણ કલાકો સુધી ઓપરેશનમાં જોડાયા હતા. ગત રોજ સિંહ ખાંભાના નાનીધારી ગામે ગત મોડી સાંજે ખાંભાના નાની ધારી ગામમાં મધ્યપ્રદેશના વતની ભાયદેશ બુલાભાઈ પયાર ખેત મજૂરી કરી રહ્યા હતા. આશરે ૧૮ વર્ષના યુવાન ખેત મજૂર ઉપર હુમલો કરતા તેનુ મોત થયું હતું. આ ઘટનાની જાણ થતા વનવિભાગના DCF રાજદીપ સિંહ ઝાલા સહિત કાફલો ખાંભા દોડી ગયો હતો. યુવાનની સિંહે શિકાર કરેલી હાલતમાં લાશ મળી આવી હતી. સિંહને પાંજરે પૂરવા ગ્રામ્ય સીમ વિસ્તારમાં વનવિભાગ દ્વારા હતો ત્યારે સિંહે તેના પર હુમલો કર્યો હતો. તેના બાદ વન વિભાગની ટીમ જંગલમાં પહોંચી હતી. યુવકના મૃતદેહનો કબજો લેવાનો પ્રયાસ હાથ ધરાયો હતો, પરંતુ સિંહે એક કલાક સુધી મૃતદેહ છોડ્યો ન હતો. વન વિભાગની ટીમ આવી છતા સિંહ યુવકનો મૃતદેહ છોડવા તૈયાર ન હતો. એક કલાક સુધી તે ત્યાંથી ખસ્યો ન હતો. આખરે વન વિભાગની ટીમે વિસ્તારને કોર્ડન કરીને મૃતદેહ છોડાવ્યો હતો. જેમાં યુવકના માત્ર બે પગ જ હાથમાં આવ્યા હતા. આ ઘટના બાદ વનવિભાગ દ્વારા સિંહ અને સિંહણનું લોકેશન શોધવા માટેની કામગીરી કરાઈ હતી અને અંતે મધરાતે વનવિભાગનની ટીમે સિંહને પાંજરે પુર્યો હતો. થોડા દિવસો પહેલા અમરેલીના જાફરાબાદના બાબરકોટ ગામે આંટાફેરા કરનારી સિંહણને આખરે પાંજરે પુરવામાં સફળતા મળી હતી. છેલ્લા ઘણા દિવસથી સિંહણના આંટાફેરાના પગલે લોકોમાં ભય ફેલાયો હતો.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૧૬ તાલુકામાં વરસાદ વરસ્યો

સૌથી વધુ વાપીમાં સાડા સાત ઇંચ વરસાદ : પાટણના રાધનપુરમાં સાડા છ ઇંચ, વલસાડના ધરમપુરમાં સાડા પાંચ ઇંચ, કચ્છના રાપરમાં સવા ચાર ઇંચ વરસાદ

ગાંધીનગર, તા.૨૪

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના તમામ જિલ્લાના ૨૧૬ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં સૌથી વધુ વાપીમાં સાડા સાત ઈંચ વરસાદ ખાબક્યો હતો. તે સિવાય વલસાડના કપરાડામાં પોણા સાત ઈંચ વરસાદ ખાબક્યો હતો. ઉપરાંત પાટણના રાધનપુરમાં સાડા છ ઈંચ, વલસાડના ધરમપુરમાં સાડા પાંચ ઈંચ, કચ્છના રાપરમાં સવા ચાર ઈંચ, બનાસકાંઠાના ભાભરમાં સવા ચાર ઈંચ, મહેસાણાના કડીમાં સવા ચાર ઈંચ, બનાસકાંઠાના સૂઈગામમાં ચાર ઈંચ, અમદાવાદ શહેરમાં ચાર ઈંચ, ખેડાના કપડવંજમાં ચાર ઈંચ, નવસારીના ખેરગામમાં પોણા ચાર ઈંચ વરસાદ ખાબક્યો હતો.

તે સિવાય કચ્છના ભચાઉ, વલસાડના પારડીમાં, પાટણના સરસ્વતીમાં પોણા ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો. તે સિવાય પાટણના સિદ્ધપુર, ગાંધીનગરના દેહગામમાં, મહેસાણા તાલુકામાં સાડા ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. સુરેન્દ્રનગરના લખતરમાં સવા ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. વલસાડના ઉમરગામ, મહેસાણાના જોટાણામાં, સાબરકાંઠાના ઈડરમાં ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. ઉપરાંત બનાસકાંઠાના દિયોદરમાં પોણા ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. તે સિવાય સુરતના ઉમરપાડામાં, અરવલ્લીના ભિલોડામાં સવા બે ઈંચ વરસાદ વરસ્યો હતો. મહેસાણાના વડનગરમાં, ખેડાના નડિયાદમાં, સાંતલુપર, સમી, પેટલાદ, ભરૂચ, દેત્રોજ, બેચરાજી, તારાપુર, ચિખલીમાં બે-બે ઈંચ વરસાદ વરસ્યો હતો. તે સિવાય ડોલવણ, માતર, વડોદરા, પ્રાંતિજ, સાગબારા, સુબિર, થરાદ અને વાવમાં પોણા બે ઈંચ વરસાદ ખાબક્યો હતો. રાજ્યમાં હજુ પણ બે દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં આગામી બે દિવસ ભારે વરસાદ વરસશે. ત્યારબાદ મંગળવારથી વરસાદનું જોર ઘટશે. ઉપરાંત કચ્છ અને ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે આણંદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, સુરત, વલસાડ, દમણ, દાદરાનગર હવેલી, જામનગર, રાજકોટ, દ્વારકા અને મોરબી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ વરસવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

વરસાદને લઈને કચ્છમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તો બનાસકાંઠા અને સાબરકાંઠામાં વરસાદનું ઓરેંજ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય મોરબી, સુરેંદ્રનગર, પાટણ, મહેસાણા, અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, પંચમહાલ,અરવલ્લી, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ અને ડાંગમાં વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

છોટાઉદેપુર જિલ્લા ભાજપ પ્રમુખનું રાજીનામું લઈ લેવાયું

લથડિયા ખાતો વાયરલ વીડિયો બાદ રાજીનામું લેવાયું : છોટાઉદેપુર જિલ્લા ભાજપ પ્રમુખે નશામાં આરોગ્ય રાજ્ય મંત્રી હાજર હોવા છતાં તેમને અશોભનિય વર્તન કર્યું હતું

વડોદરા, તા.૨૪

છોટાઉદેપુર જિલ્લા ભાજપ પ્રમુખનું રાજીનામું લઈ લેવાયું છે. વીડિયો વાયરલ થયા બાદ છોટાઉદેપુર જિલ્લા ભાજપ પ્રમુખ રશ્મિકાંત વસાવા વિરુદ્ધ પ્રદેશ ભાજપે સૌથી મોટી કાર્યવાહી કરી છે. તમને જણાવી દઈએ કે રશ્મિકાંત વસાવાનો શનિવારે એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં તેઓ ચિક્કાર દારૂ પીને લથડિયા ખાતો વીડિયો વાયરલ થયો હતો. રાષ્ટ્રપતિના અભિવાદન કાર્યક્રમમાં પ્રભારી મંત્રી હાજર હતા તે સમયનો વાયરલ વીડિયોમાં દ્રશ્યો સામે આવ્યા હતા.

છોટાઉદેપુર જિલ્લાના ઝોઝ ગામમાં શનિવારે રાષ્ટ્રપતિના અભિવાદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં છોટાઉદેપુર જિલ્લા ભાજપ પ્રમુખ રશ્મિકાંત વસાવાએ ચિક્કાર દારૂના નશામાં આરોગ્ય રાજ્ય મંત્રી નિમિષાબેન સુથાર હાજર હોવા છતાં તેમને અશોભનિય વર્તન કર્યું હતું. એટલું જ નહીં, જાહેરમાં લથડિયા ખાતા જોવા મળ્યા હતા. છોટાઉદેપુર જિલ્લા ભાજપ પ્રમુખ રશ્મિકાંત વસાવાનો વીડિયો વાયરલ થયો હતો.

જમાવટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુડમાં રહેતા જનજીવન પણ વિશેષ રીતે પ્રભાવિત થયુ હતુ. વરસાદના અભાવે આકરો બફારો અનુભવતા નગરજનોએ પણ મેઘસવારીના અંતે રાહત અનુભવી હતી. રાત્રિના સમયે ભારે વરસાદના અંતે સવારે પણ વાતાવરણમાં અનોખી ઠંડક છવાઈ ગઈ હતી. આજે પણ રવિવારે રજા હોવાની સાથે સવારથી જ હળવા વરસાદી ઝાપટા વચ્ચે નગરજનોએ મોસમની મજા માંણી હતી. સેક્ટરવાસીઓ વરસાદી મોસમમાં ભીંજાવાની મજા માંણતા નજરે પડયા હતા. શહેરમાં ગઈકાલ સાંજ થી આજે દિવસના અંતે અલબત્ત ૨૪ કલાકમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો છે. શહેરમાં સિઝનનો કુલ વરસાદ પણ ૧૦.૫ ઈંચ જેટલો થયો છે. શહેરમાં વરસાદી મોસમની જમાવટ સાથે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ પાણીની જેમ ઉભરવા માંડી છે. સેકટરોમાં નજર નાંખો ત્યાં કાદવ કિચ્ચડ અને ગંદકી જોવા મળી રહી છે. એકબાજુ વરસાદી મોસમમાં હરિયાળી નિખરી છે. શહેરમાં આંખોને ઠંડક આપતી હરિયાળી વચ્ચે સેકટરોમાં ઘણાં ઠેકાણે બિહામણાં દ્રશ્યો સર્જાયા છે. સેકટરોમાં ખોદકામના અંતે યોગ્ય પુરાણના અભાવે માટી પોલાણ થવાના લીધે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. વરસાદી મોસમમાં માટી પોલાણ અને માર્ગોની ઉબડ ખાબડ હાલતના લીધે વાહન ચાલકો પણ પરેશાન થઈ ગયા છે. શહેરના નવા વિસ્તારમાં કેટલાક ઠેકાણે બપોરના સમયે વિજપુરવઠો પણ ખોરવાયો હતો. કેટલાક ઠેકાણે રાહદારીઓ માટે અત્યંત જોખમી સ્થિતિ સર્જાઈ છે. આજે દિવસના અંતે પણ આકાશમાં વરસાદી વાદળો યથાવત જોવા મળ્યા હતા. જો કે હજુ પણ ધોધમાર વરસાદ આવવાની સંભાવના છે. વરસાદી મોસમ નિખરતા નગરજનોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. લાંબા સમયથી મેહુલિયો મહેરબાન થાય તેવી આશ આખરે સાકાર થતા નગરજનોએ વરસાદી મોસમની મજા માંણી હતી.

બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સપ્ટેમ્બરની સામાન્ય સભામાં જ લેવામાં આવશે.

આજે મળનારી બેઠકમાં પંચાયત સંકુલની સ્વચ્છતા અને અન્ય બે મુદ્દાઓ છે.

આજની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હાજર રહે છે કે નહિ તેના પર પણ સૌની મીટ મંડાયેલી છે. ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે મતભેદો પ્રવર્તી રહ્યા છે એટલુ જ નહિ એક બેઠકમાં તો જિલ્લા વિકાસ અધિકારી હાજર રહ્યા ન હતા. કારોબારી સમિતિના સચિવ તરીકે જિલ્લા વિકાસ અધિકારી છે અને તેઓ હાજર રહે છે કે નહિ તે ઘણી બધી બાબતોના સંકેત આપશે તેમ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

વધતો ગ્રાફ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવો પડી રહ્યો છે. લેબનાનમા સંયુક્ત રાષ્ટ્ર ખાદ્ય કાર્યક્રમ લોકોને ભોજન ખરીદવા માટે રૂપિયા આપી રહ્યું છે. બેરુતમાં રહેનારી ટ્રેસી સલિબા કહે છે કે, હું હવે માત્ર જરૂરી સામાન અને ભોજન જ ખરીદુ છું.

ભારતીય અર્થતંત્ર હાલ બેવડા સંકટનો સામનો કરી રહ્યું છે. કોવિડ મહામારીની અસર ઓછી થઈ એ પછી, દેશની ખરાબ અર્થવ્યવસ્થા રિકવર થશે એવી અપેક્ષા હતી. પરંતુ મોઘવારી અને ઝડપથી સતત ગગડી રહેલા રૂપિયાએ અર્થવ્યવસ્થાને પાટા પર લાવવાનું કામ વધુ અઘરું કરી દીધું છે. જૂનમાં દેશમાં છૂટક મોંઘવારી દર ૭.૦૧ ટકા હતો. જોકે મે મહિનામાં તે ૭.૦૪ ટકાથી ઓછો હતો પરંતુ તેમ છતાં તે આરબીઆઈની મહત્તમ મર્યાદા એટલે કે ૬ ટકાથી વધુ છે. બીજી તરફ ડૉલર સામે રૂપિયો સતત ગગડી રહ્યો છે.

મંકીપોક્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૨ જૂન સુધી કુલ ૩૪૧૩ મંકીપોક્સના કેસને પુષ્ટિ થઈ છે અને આ કેસ ૫૦ દેશોમાં સામે આવ્યા છે. ડબ્લ્યૂએચઓને મંકીપોક્સથી એક મોતની સૂચના મળી છે. તેમાંથી મોટાભાગના કેસ યૂરોપીય ક્ષેત્ર અને અમેરિકાથી સામે આવ્યા છે.

ભારત સહિત દુનિયાના અલગ અલગ દેશોમાં મંકીપોક્સનું સંક્રમણ વધતાં ઉઉઁએ વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર કરી છે. જી હા, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને મંકીપોક્સનો રોગચાળો વકરતાં ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. તો કોરોના મહામારી પછી દુનિયા પર બીજી મોટી મહામારીનો ખતરો મંડરાવા લાગ્યો છે અને આખી દુનિયા સાવધાન થઈ જાય અને મંકીપોક્સના સંક્રમણને રોકવા માટે એલર્ટ મોડમાં આવી જાય તે માટે ઉઉઁએ વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર કરી છે.

આઝાદીમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાષ્ટ્રપતિએ કહ્યું કે કાનપુરના પરૌંખ ગામમાં એક ખુબ સાધારણ પરિવારમાં ભણેલ-ગણેલ હોવા છતાં તે એક રાષ્ટ્રપતિ તરીકે દેશને સંબોધિત કરી રહ્યાં છે. તે માટે હું દેશની જીવંત લોકતાંત્રિક વ્યવસ્થાને સલામ કરૂ છું. તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિના કાર્યકાળ દરમિયાન પોતાના પૈતૃક ગામનો પ્રવાસ કરવો અને મારી કાનપુર સ્કૂલમાં વૃદ્ધ શિક્ષકોના આશીર્વાદ લેવા તેમને પગે લાગવું હંમેશા મારા જીવનની સૌથી યાદગાર ક્ષણોમાંથી એક હશે. પોતાના મૂળ સાથે જોડાયેલ રહેવું ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે. હું યુવા પેઢીને વિનંતી કરીશ કે તે પોતાના ગામ કે શહેર અને પોતાની સ્કૂલ અને શિક્ષકો સાથે જોડાયેલા રહેવાની તે પરંપરાને જાળવી રાખે.

લીગલ નોટિસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી રહી છે, જે તેની ક્લાયન્સની માતા, પ્રતિષ્ઠિત નેતા સ્મૃતિ ઈરાનીની સાથે રાજકીય સ્વાર્થ સાધવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

વકીલે આરાપોને નિરાધાર ગણાવતા કહ્યું- તે દુર્ભાગ્યપૂર્ણ છે કે લોકો માત્ર એટલા માટે દુષ્પ્રચાર કરી રહ્યાં છે જેથી તથ્યોની તપાસ કર્યા વગર મુદ્દાવિહીન વાતને સનસની બનાવી રજૂ કરી શકાય અને તે મારી ક્લાયન્સને માત્ર તેથી બદનામ કરે છે કે તે એક નેતાની પુત્રી છે. કોંગ્રેસે એક દસ્તાવેજ જાહેર કરી દાવો કર્યો હતો કે આબકારી વિભાગ તરફથી સ્મૃતિ ઈરાનીની પુત્રીને કારણ દર્શાવો નોટિસ જાહેર કરવામાં આવી અને જે અધિકારીએ નોટિસ આપી તેની કથીત રીતે બદલી કરવામાં આવી રહી છે.

કાયદો અને કાનૂન

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ઘણા લોકોમાં ગેરસમજ પ્રવર્તે છે કે, ઈમ્પેક્ટ ફી લઈ સરકાર રહેણાંક હેતુમાં વાણીજ્ય પ્રકારનું બાંધકામ કરી ધંધો કરેલ હશે તો ઘરમાં વ્યવસાય તથા ધંધાનાં પ્રકારવાળા બાંધકામને રહેણાંક ઝોનમાંથી વાણિજ્ય ઝોનમાં કરેલ વધારાનાં બાંધકામને નિયમબધ્ધ કરશે, પરંતુ આવા બાંધકામ રહેણાંક ઝોનમાં હોય તો તે જ ઝોનમાં નિયમબધ્ધ કરી આપવામાં આવશે, તેથી ઘરમાં વાણિજ્ય પ્રવૃત્તિ કરતા લોકો ઈમ્પેક્ટ ફીનો ગેરફાયદો ઉઠાવી શકશે નહિ, તેમજ બી.યુ. પરવાનગી મેળવી જી.એસ.ટી. નંબર તથા સેલટેક્ષ નંબર, પાન નંબર, ટીન નંબર ઉદ્યોગ, ધંધો કરનારને મળી શકશે નહિ.

ઈમ્પેક્ટ ફીનો લાભ રહેણાંકમાં રહેણાંક ઝોનને તથા વાણીજ્યમાં કરવામાં આવનાર વધારનાં બાંધકામને વાણિજ્ય ઝોનમાં જ મંજૂરી આપવામાં આવશે. રહેણાંકમાંથી હેતુ ફેર કરી વાણિજ્ય ઝોનની ઈમ્પેક્ટ ફી લેવા માટે કોઈપણ પ્રકારનો નિયમ કે કાયદો સને ૨૦૧૧માં પણ નહતો કરવામાં આવ્યો. સને ૨૦૨૨માં પણ આવા પ્રકારનાં નિયમમાં સુધારો કરવાની કોઈ યોજના સરકારશ્રીની હાલમાં જણાતી નથી.

ઈમ્પેક્ટ ફીનાં કારણે ગેરકાયદેસર બાંધકામ ઉપર નિયંત્રણ સરકારપક્ષે લાદવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, પરંતુ ૨૦૦૧માં, ૨૦૧૧માં ઈમ્પેક્ટ ફી નો કાયદો લાવ્યા છતાં ગેરકાયદેસર રીતે થતાં દબાણ તથા બાંધકામમાં કોઈ જ પ્રકારનો ઘટાડો નોંધાયો નથી. ઈમ્પેક્ટ ફીનાં કારણે નિર્દોષ લોકો કોર્ટ, કચેરીનાં ધક્કામાંથી તથા નાણાકીય બોજામાંથી મુક્તી મળશે, પરંતુ સરકારની રેવન્યુની આવકમાં અનેક ઘણો વધારો થશે તે નિશ્ચિત છે.

નવા જી.ડી.સી.આર.નાં કારણે તથા રેરાનાં નિયમોનાં કારણે બિલ્ડરો દ્વારા કરવામાં આવતા ગેરકાયદેસરનાં બાંધકામમાં નિયંત્રણ ચોક્કસ આવેલ છે, પરંતુ નાગરિકો દ્વારા કરવામાં આવતા દબાણમાં કોઈ જ ઘટાડો ના નોંધાયો હોય સરકાર પ્રજાની મુશ્કેલી નિવારવા માટે ફરી વાર ૨૦૦૧ તથા ૨૦૧૧નાં ઈમ્પેક્ટ ફીનાં કાયદાને ૨૦૨૨માં નવેસરથી નવા નિયમો, મુદ્દાઓ સાથે લાવી કાયદો ઘડવા જઈ રહી છે. જેનાં લાભ આમ નાગરિકોને ચોક્કસ મળી શકશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

પહેલું કિરણ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

વાર્તાસંગ્રહનું સંપાદન કર્યું હતું. હવે તેઓ "કથા અને કથન" નામના એક અભિનવ ગ્રંથનું સંપાદન કરી રહ્યા છે, જેમાં ગુજરાતી સાહિત્યના નામાંકિત ત્રીસેક વાર્તાકારોની ઉત્તમ વાર્તાઓની સાથે તેમનું એ વાર્તા પોતાના માટે કેમ શ્રેષ્ઠ છે તેનું બયાન-કેફિયત પણ હશે.

શ્રી ધર્મેન્દ્રભાઈ નિયમિત લખતા રહે છે. નવગુજરાત સમયમાં તેમની કોલમ એક વર્ષ ચાલી હતી. અત્યારે તેઓ ગાંધીનગર સમાચારમાં દર અઠવાડિયે લખે છે.

પ્રકૃતિપ્રેમી અને સાચુકલા-ધબકતા માણસ એવા ધર્મેન્દ્રભાઈ વિધાનસભામાં બેસે છે. પ્રજાના પ્રતિનિધિ તરીકે નહીં, પણ સરકારી અધિકારી તરીકે બેસે છે. પર્યાવરણ અને કલાની નીતનવી પ્રવૃતિઓ કરતા રહેતા ધર્મેન્દ્રભાઈ ત્રિવેદીને તેમની સાપ-સંરક્ષક તરીકેની, પર્યાવરણપ્રેમીની, શબ્દ-સાધક તરીકેની પ્રતિબદ્ધતા માટે અભિનંદન આપીએ અને પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે તેમને નિરામય દીર્ઘાયુ આપે.

તેમનો સંપર્ક નંબર ૯૯૭૮૪ ૦૫૯૬૭ છે. તેમનું ઈ-મેઈલ djtrivedi@yahoo.com છે.

ગોધૂલિઃ

પ્રકૃતિ શ્રેષ્ઠ અને અનુપમ કૃતિ છે. તેના સ્વીકારમાં જ
કોઈ પણ જીવના અસ્તિત્વનો સ્વીકાર સમાયેલો છે.